# પ્રાંતિજ સહિત તાલુકામાં ભરશિયાળે કમોસમી વરસાદ...

**કમોસમી વરસાદ પડતા શાકભાજી સહિત ખેતીમાં નુકસાન : કમોસમી વરસાદ પડતા ધરતી પુત્રોમાં નારાજગી : રવિ સિઝનની વાવણી સમયે જ કમોસમી વરસાદ : કમોસમી વરસાદ પાડવાથી ખેતીમાં પડયા ઉપર પાટું જેવી સ્થિતિ પેદા થઇ : કમોસમી વરસાદ બાદ વાદળછાયુ વાતાવરણ સાથે ઠંડો પવન છૂટ્યો**

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા રવીપાક ની વાવણી સમયેજ કમોસમી વરસાદ પડતા ધરતી પુત્રો મા નારાજગી મોસમ વિભાગ ની ત્રણ દિવસીય આગાહી વચ્ચે જિલ્લા સહિત તાલુકામા વહેલી સવારથીજ કમોસમી વરસાદ પડતા હાલતો રવીપાક ની વાવણી સમયે વરસાદ પડતા ખેડૂતો મા નિરાશા જોવા મળી હતી તો બીજી બાજુ તૈયાર થયેલ શાકભાજી ના પાકો જેવા કે ફલાવર , કોબીજ ના પાકો ઉપર વરસાદી પાણી પડતા અસર જોવા મળશે તો બીજીતરફ ખેતરો મા તૈયાર થયેલ ડાંગર નો પાક અને પશુ ધાસ ચારો પણ વરસાદ મા પલરી જતા ખેડૂતો ના હાથમા આવેલ કોરીઓ છીનવાયો છે ત્યારે હાલતો ભર શિયાળે કમોસમી વરસાદ પડતા ખેડુતો ને પડયા ઉપર પાટુ જેવી સ્થિતિ પેદા થઈ છે તો બીજીતરફ કમોસમી વરસાદ બાદ ઠંડી અને વાતાવરણ વાદળ છાયુ બનતા હજુ વાદળ ને લઈ ને પાક ઉપર પણ અસર થશે.





# ઉત્તર ગુજરાતમાં નિશાચર પક્ષીઓ માટે પ્રાણઘાતક બનતા વીજળીના તાર

**ખુલ્લા વિજ તારથી વડવાગોલ સહિતના નિશાચરોના રોજના મોત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ઉત્તર ગુજરાતમાં ઘરઆંગણાના પક્ષીઓ લુપ્ત થઈ રહ્યાં છે. પક્ષીઓ બચાવવા માટે પક્ષી બચાવો અભિયાન ચલાવવાની ફરજ પડી છે ત્યારે હવે નિશાચર પક્ષીઓ માટે અભિયાન છેડવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ઉત્તર ગુજરાતમાં પ્રજાતિનું અસ્તિત્વ જોખમમાં મૂકાયું છે. અગાઉ ઘરઆંગણે ચીંચીં કરી કલરવ કરતી ચકલીઓ અદ્રશ્ય થવા લાગતાં પક્ષી પ્રેમીઓએ ચકલી બચાવો અભિયાન શરૂ કરતાં તેના સારાં પરિણામ મળ્યાં છે પરંતુ નિશાચર પક્ષીઓને બચાવવાની કામગીરી થતી જ ન હોવાથી આરામ કરતી વડવાગોલનું ઝૂંડ રાત્રે ખોરાક-પાણીની શોધમાં સક્રિય થાય છે પરંતુ થોડેક દૂર ઉડાણ ભર્યા પછી કેટલાંક વડવાગોલ પક્ષી વીજળીના ખુલ્લા તારમાં ફસાઈને વિજ કરંટથી મોતને ભેટી રહ્યાં છે. પ જિલ્લામાં રોજ કોઈને કોઈ સ્થળે વીજળીના તારથી વડવાગોલનાં



ખુલ્લા વીજળીના તાર વડવાગોલ સહિતના નિશાચર પક્ષીઓ માટે પ્રાણઘાતક સાબિત થતાં નિશાચર પક્ષીઓનાં રોજનાં મોત નિપજી રહ્યાં છે. રાત્રે ખોરાક-પાણીની શોધમાં નિકળતી વડવાગોલ વીજળીના ખુલ્લા તારનો ભોગ બનતાં નિશાચર પ્રજાતિ નામશેષ થઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

રાસાયણિક દવાઓ અને મોબાઈલના રેડીયેશનથી ઉત્તર ગુજરાતમાં દુર્લભ પક્ષીઓની વડવાગોલ સહિત અનેક નિશાચર પક્ષીઓનું અસ્તિત્વ જોખમાયું છે. ઉત્તર ગુજરાતમાં વિજ તંત્ર દ્વારા લાપરવાહી રાખી ખુલ્લા વિજ તારનાં ઝાળાં ગુંથી દેવાયાં હોવાથી નિશાચર પક્ષીઓ તેમાં ફસાઈ વિજ કરંટનો ભોગ બની રહ્યાં છે. ખાસ કરીને ઉત્તાર ગુજરાતમાં વડવાગોલનું અસ્તિત્વિ ખુલ્લા વિજ તારથી નામશેષ થઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. દિવસે ઝાડ ઉપર ઉંધા લટકી મોત નિપજતાં હોવાથી નિશાચર પક્ષીની આખીય પ્રજાતિ વીજળીના તારથી અદ્રશ્ય થઈ જાય તેવી હાલત છતાં નિશાચર પક્ષીઓને બચાવવાનું કોઈ અભિયાન છેડવામાં આવ્યું નથી. ઉત્તર ગુજરાતમાં સરેરાશ દૈનિક ૧૦ વડવાગોલ વીજળીના તારથી કરંટનો ભોગ બની રહી છે. જેથી આજ પ્રકારે ચાલ્યું તો આવનારા દિવસોમાં ગીધની જેમ વડવાગોલ શોધવી પણ મુશ્કેલ બની જશે.

# શામળાજી ખાતે યોજાતા મેળાને પગલે કલેકટર દ્વારા પ્રતિબંધક હુકમો જાહેર

**જાહેર હિતમાં સાવચેતી રાખવા,સ્વચ્છ પાણી અને ખોરાકની સગવડ માટે તથા ચેપી રોગવાળા માણસોથી બચવા જાહેર કરેલ નિયમોનું પાલન કરવાનું રહેશે : મેળામાં આવનાર દરેક વ્યક્તિઓને મેળો પૂર્ણ થાય ત્યાં સુધી ૧૭ ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી જાહેરનામાનો અમલ કરાશે**

બાયડ તા.૧૮

ચાલુ સાલે અરવલ્લી જીલ્લાના શામળાજી ખાતે કારતક સુદ તેરસથી વદ એકમ સુધી યોજાતા મેળામાં પુષ્કળ પ્રમાણમાં માનવ સમુદાય ભેગા થવાની સંભાવના છે. જેથી રોગચાળો ફાટી નીકળવાનો ભય રહે છે. તેમજ નાગધરાના સ્થળે અંધશ્રદ્ધામાં પ્રેરિત અને પ્રણાલિકાગત સ્ત્રીઓને તેમની મરજી વિરુદ્ધ બે થી ત્રણ કલાક સુધી ઠંડા પાણીમાં સ્નાન વિધિ કરવામાં આવે છે. આ પ્રકારની પ્રવૃતિઓ કે જે તેમના આરોગ્ય માટે હાનીકારક છે, તે જાહેર હિતમાં અટકાવવા સાવચેતીના પગલા ભરવા જરૂરી છે. તેમજ સ્વચ્છ પાણી અને ખોરાકની સગવડ માટે અને ચેપી રોગચાળા વાળા માણસોથી બચવા તથા રોગ ન થવા દેવા અથવા તેનો ફેલાવો અટકાવવાના પાગલ લેવા જરૂરી છે.

જેથી અરવલ્લી જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડને સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૪૩(૧) થી મળેલ સત્તાની રૂએ શામળાજી ખાતે શામળાજીના રહીશો તથા મેળામાં આવનાર દરેક વ્યક્તિઓને મેળો પૂર્ણ થાય ત્યાં સુધી ૧૭ ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર ૨૦૨૧નાં ૨૪.૦૦ કલાક સુધી નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧) મેશ્વો નદી બે ભાગમાં વહેંચવામાં આવશે. ઉપલા ભાગમાં એટલે કે, શામળાજી મંદિર તરફનું પાણી વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો પીવા માટે ઉપયોગમાં લેવું અને નીચેના ભાગનું પાણી નાહવા ધોવા વગેરેમાં ઉપયોગમાં લેવું.

(૨) કોઈપણ વ્યક્તિને પીવાના પાણીના કુવા અગર નદી માટે નક્કી કરેલ જગ્યાઓ ઉપર પોતાના વાસણથી પાણી ભરવું નહી પરંતુ મજકુર જગ્યાએ ડોલ, બાલ્ટી મુકવામાં આવેલ હશે તેનાથી પાણી ભરવું.

(૩) મેશ્વો સરોવરના કાંઠેથી ઉતરી સદર સરોવરમાં નાહવા ધોવા કે અન્ય રીતે પાણીનો ઉપયોગ કરવો નહિ.

(૪) મંદિરના કુવામાં તેમજ પાણી ભરવાના બીજા કુવામાં ગ્રામ પંચાયતે જરૂરી દવા નાખવી તથા કાદવ કીચડ વાળી જગ્યાએ દવા છાંટવી.

(૫) મેળામાં જે સ્થળ નક્કી કરવામાં આવેલ છે અને મેળો જે જગ્યાએ ભરાય છે તે જગ્યામાં કે તેની નજીક કોઈ પણ વ્યક્તિ કુદરતી હાજતે જઈ શકશે નહિ, પરંતુ તે માટે નિયત કરેલ જગ્યાએ જવું.

(૬) સડી ગયેલા ફળો તેમજ મનુષ્યને ઉપયોગમાં લેવા માટે લાયક ન હોય તેવા ખોરાક તેમજ પીણાં વેચવાનું અને આ પ્રકારના સડી ગયેલા ફળો, ખોરાક તથા પીણાં હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટર તેમજ ફરજ બજાવતા પોલીસ કર્મીઓ નાશ કરી શકશે.

(૭) ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટરોને હોટલ, લોજના માલિકોને તથા બીજા દુકાનદારોને ચોખ્ખાઈ, તંદુરસ્તીને લગતી તથા બીજી સુચનાઓ આપવા અધિકાર સોપેલ છે અને તેમના દ્વારા અપાયેલ સુચાનાઓનો ઉપર દર્શાવેલ માલિકોએ તાત્કાલિક અમલ કરવો.

(૮) ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટરો મેળામાં આવેલી બધી હોટલો, લોજો, વીશીઓ તથા મીઠાઈની દુકાનો તપાસી શકશે.

(૯) મેળામાં આવનાર દરેક વ્યક્તિ શારીરિક તપાસને પાત્ર રહેશે અને કોઈ વ્યક્તિ પ્લેગ, બળિયા, કોલેરા તથા અન્ય બીજા કોઈ ચેપી રોગો થયેલા જણાશે તો તેને ત્યાંથી તુરંત જ જુદા રાખવામાં આવશે અથવા મેળાનું સ્થળ તાત્કાલિક છોડી દેવું પડશે.

(૧૦) કોઈપણ વ્યક્તિએ વાવમાંથી પાણી ભરવા વાવમાં ઉતરવું નહી.

(૧૧) મેળામાં નાગ ધરાના સ્થળે બહેનો સ્નાન વિધિ સવારના ૬.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક સુધી કરી શકશે. આ સિવાયના સમયે આ સ્થળે બહેનો સ્નાન કરી શકશે નહી.

(૧૨) ઉપરોક્ત સ્નાન વિધિમાં પુરુષો તેમજ સ્ત્રીઓએ અલગ અલગ નક્કી કરેલા સ્થળોએ સ્નાન વિધિ કરવાની રહેશે. જેમાં સ્ત્રીઓ માટે નક્કી કરેલા વિભાગમાં કોઈ પુરુષ પ્રવેશ કરી શકશે નહી. બહેનો સાથે તેમના નાના ઉમરના બાળકોને લઈ જઈ શકશે.

(૧૩) કોઈપણ સ્ત્રીને કોઈ પુરુષ અથવા સ્ત્રી સ્નાન કરવા દબાણ કરી શકશે નહી અને તે માટે મૌખિક અથવા શારીરિક રીતે બળનો ઉપયોગ કરી શકશે નહી. સ્ત્રી પોતાની મરજીથી જ સ્નાન કરી શકશે.

(૧૪) સ્નાન વિધિ દરમ્યાન મહિલાઓની ફોટોગ્રાફી/ વિડીયોગ્રાફી/મોબાઈલ ફોટોગ્રાફી રેકોર્ડીંગ કરી શકશે નહી અને સ્નાન વિધિના સ્થળે કેમેરા અથવા વિડીયો ગ્રાફીના સાધનો કે તેવી સુવિધા યુક્ત મોબાઈલ ફોન લઈ જઈ શકશે નહી.

આ ઉપરોક્ત બતાવેલ નિયમોનો કોઈપણ વ્યક્તિ ભંગ કરશે તો ગુજરાત પોલીસ ધરાની કલમ-૧૩૯ મુજબ ત્રણ માસની સજા અગર રૂ.૨૦૦ સુધીના દંડ અગર બંને પ્રકારની સજાને પાત્ર રહેશે. તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રી ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.





## જન્મદિને વધામણી



મુકેશ એમ.પરમાર
ડેમાઈ તા. બાયડ



અમૃતભાઈ કે.પટેલ
સદસ્ય, ધનસુરા તાલુકા પંચાયત
બોરડી ટીંબા કંપા તા,ધનસુરા



આરવ દીપેનભાઈ પટેલ
બાયડ જિ,અરવલ્લી

**રક્તદાન મહાદાન**

# અરવલ્લીમાં નલ સે જલ યોજનાથી ૨.૯૦ લાખ ઘરમાં નળથી પાણી મળતું થયું

**ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં વધુ ૭૨,૩૦૦ નળ જોડાણ અપાશે**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૯થી નલ સે જલ યોજના અમલમાં આવ્ય પછી પાણી પુરવઠા વિભાગ અને વાસ્મોના સંયુક્ત પ્રયત્નોથી અત્યાર સુધીમાં કુલ ૨,૯૦,૭૭૮ ઘર સુધી નળથી પીવાનું પાણી પહોંચ્યું છે. જ્યારે હજુ ૭૨,૩૦૦ નળ કનેક્સન આપવાના બાકી હોવાથી વિભાગ દ્વારા ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં નળ જોડાણ આપવાનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. સરકાર દ્વારા પ્રજાને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા આશય સાથે નલ સે જલ યોજના શરૂ કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં અગાઉ ગેરકાયદેસરના નળ કનેક્સન કાયદેસરમાં તબદીલ કર્યા પછી હવે અંતરિયાળ ગામડાંની પ્રજાને પણ નળ વાટે પીવાનું પાણી પહોંચાડવા પ્રયાસ કરવામાં અવ્યો છે જેમાં નલ સે જલ યોજનાના માધ્યમથી જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં પાણી પુરવઠા વિભાગ અને વાસ્મો દ્વારા નળ કનેક્સન ન હોય તેવા ઘરની વિગતો મેળવ્યા પછી દરેક ઘરને નળ થી જોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૬ તાલુકામાં ૨,૯૦,૭૭૮ ઘરને નળ દ્વારા પાણી મળવા લાગ્યું છે. ઉપરોક્ત તાલુકાઓમાં ૨,૧૪,૪૭૮ નળ કનેક્સનની સંખ્યા નોંધાયી છે. તા.૧૫ નવેમ્બરની સ્થિતિએ ૭૨,૩૦૦ નળ કનેક્સન આપવાના બાકી હોવાથી આગામી વર્ષ-૨૦૨૨ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. જિલ્લામાં નલ સે જલ યોજનાને સફળ બનાવવાના વિભાગ દ્વારા પ્રયાસો થતાં અત્યાર સુધી હેંડપંપ અને ખેતરોમાં બોર-કૂવા પરથી પાણી ભરી લાવનારા પરીવારોના ઘર સુધી નળથી પાણી પહોંચાડવામાં આવતા આનંદ છવાયો છે.



# મોડાસામાં ‘આત્મનિર્ભર ગ્રામયાત્રા’નો શુભારંભ

બાયડ તા.૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સંદર્ભે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તા.૧૮ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી યોજાનારા ત્રિદિવસીય ‘‘આત્મનિર્ભર ગ્રામ યાત્રા’’ કાર્યક્રમનો શુભારંભ ખેડા જીલ્લાના મહેમદાવાદ ખાતેથી કરાયો. જે અંતર્ગત અરવલ્લી મોડાસાના ભામાશા હોલ ખાતેથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષશ્રી શીશપાલસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં અરવલ્લી જીલ્લાને ફાળવવામાં આવેલ ૩ (ત્રણ) રથ દ્વારા જીલ્લા પંચાયતની ૩૦ બેઠક પરથી ત્રિદિવસીય ‘‘આત્મનિર્ભર ગ્રામ યાત્રા’’ નો પ્રારંભ કરાયો. અરવલ્લી જીલ્લામાં ‘‘આત્મનિર્ભર ગ્રામ યાત્રા’’ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૨૩૧ આવાસોનું ખાતમુહૂર્ત તથા રૂ.૧૨૬૯.૬૦ લાખના ૧૦૫૮ આવાસોનું લોકાર્પણ, મનરેગા યોજના અંતર્ગત રૂ.૨૮૩.૩૪ લાખના કેટલશેડ, આંગણવાડી, જળસંગ્રહ/સંચય, ગ્રામીણ આંતરિક રસ્તાઓ, વ્યક્તિગત સામૂહિક શોકપીટ સહીત કુલ ૩૪૯ કામોનું ખાતમુહૂર્ત તથા રૂ.૮૪૬.૫૭ લાખના જળસંગ્રહ/સંચય, ગ્રામીણ આંતરિક રસ્તાઓ, વ્યક્તિગત/સામૂહિક શોકપીટ-વનીકરણ, નર્સરી સહીત કુલ ૯૩૦ કામોનું લોકાર્પણ, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અંતર્ગત જીલ્લામાં રૂ.૧૩૪ લાખના રીવોલ્વીંગ ફંડ, સી.આઈ.એફ. અને કેશ ક્રેડિટની સહાય, સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વિવિધ વ્યક્તિગત યોજના હેઠળ ૨૮૫ લાભાર્થીઓને રૂ.૮૨.૭૮ લાખની સહાય, જળ સંપત્તિ વિભાગ હેઠળ રૂ.૩૧.૯૪ લાખના ૩ વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત, પંચાયત વિભાગ દ્વારા ૧૫માં નાણાપંચ અંતર્ગત રૂ.૪૦૧.૫૫ લાખના ૧૫૮ વિવધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત તથા રૂ.૨૯૩.૩૧ લાખના ૧૧૩ વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ તેમજ પાણી પુરવઠા વિભાગ અંતર્ગત રૂ.૪૧૧.૪૧ લાખના ૨૨ વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત કરાયું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષશ્રી શીશપાલસિંહ રાજપૂતે જણાવ્યું કે, નવા વર્ષની સૌને શુભકામનાઓ પાઠવી. મોડાસા આવવાના અવસરથી હર્ષની લાગણી અનુભવું છું. દરેક વ્યક્તિ નિરોગી બને તેવી પરમાત્માને પ્રાર્થના. આઝાદી ના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભારત સરકાર દ્વારા ૭૫ અઠવાડિયા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. જેને લઈને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપનને લઈને તેમણે સાકાર કરવા માટે ‘‘આત્મનિર્ભર ગ્રામ યાત્રા’’ નું અભિયાન હાથ ધર્યુંછે. તેમણે જણાવ્યું કે, સરકારની વિવિધલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને તેનો લાભ દરેક પ્રજાએ લેવો જોઈએ. જીલ્લામાં ૩ રથો દ્વારા ૯૯૩ જેટલા રૂટો પર ૧૦૬૦૫ જેટલા ગામોને લાભ અપાશે. ગામડાના છેવાડાના માનવી સુધી આ યોજનાઓનો લાભ પહોંચે તેવા કાર્યોસિદ્ધ કરાયા છે. દરેક રથમાં એલઈડી સ્ક્રીન સાઉન્ડ સિસ્ટમ માઈક વગેરે ઉપલબ્ધ રહેશે જેના દ્વારા વિવિધ યોજનાકીય બાબતો અંગે ગ્રામજનોને માહિતગાર કરાશે. ત્રણ રથના રૂટમાં સવારે અને રાત્રિ-રોકાણનાં સ્થળે કાર્યક્રમ કરી યોજનાકીય બાબતો અંગે ગ્રામજનોને આપવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામીણ વ્યક્તિગત ફિલ્મ નિદર્શન તેમજ જંતુનાસક દવાઓનું ફિલ્મ નિહાળવામાં આવશે. બાળકો તથા ખેડૂતો માટે ખેતી તેમજ રમત ગમતનું માર્ગદર્શન અપાશે. તેમણે વધુમાં જણાવ્યું કે, નિરામય જીવન માટે પ્રાકૃતિક ખેતીને જીવનમાં વણી લેવા અનુરોધ કર્યો હતો. પ્રાકૃતિક ખેતી મહત્વની છે. જેનાથી રોગ તથા નથી. તેમણે બાગાયત ખેતીને અપનાવી વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા અપીલ કરી હતી. આત્મનિર્ભર ગ્રામ યાત્રા અંતર્ગત ત્રિદિવસીય કાર્યક્રમ યોજાશે. જેનો લાભ સર્વ જનતાને મળશે. ૯૦૦ જેટલા રસીકરણ કેમ્પ, ૮૪ જેટલા વર્કશોપ, ૧૦૦૦ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જન-જન સુધી આ સુવિધાઓ પહોંચે અને ગામડાઓનો વિકાસ થાય માટે આ અભિયાન શરુ કરાયું છે. તેમજ સરકાર દ્વારા યોગ બોર્ડનું ગઠન કરવામાં આવ્યું છે. જેથી દરેક યોગ કરવા જોઈએ જેથી કરીને રોગ થાય નહિ. તેમજ રાષ્ટ્રવ્યાપી માટે સહયોગી થઈએ. આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, સરકારની યોજનાઓથી લાભાર્થીઓને લાભાન્વિન્ત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. જીલ્લામાં ૩ રથ ચાલશે. અને તેનાથી ગામડાઓનો કવર કરાશે. ગામડાના લોકોને આ લાભ હેઠળ આવરી લેવાશે. સરકારની વિવધ યોજનાઓનો લાભ આપવા માટે ખુબ સરસ આયોજન કરાયુંછે. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખલાલસિંહ ચૌહાણ, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટીયા, તાલુકા પંચાયત પ્રમુખ બિપીનભાઈ, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારી દાવેરા, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી ડોડીયા, નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી, મોડાસા મામલતદારશ્રી અરુણ ગઢવી, NIC અધિકારીશ્રી, જીલ્લાના અન્ય અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બનાસકાંઠાના સરહદી વિસ્તારની કેનાલોમાં ફરી બે અલગ અલગ જગ્યાએ ગાબડા પડયા

**વાવના ચતરપુરા અને રાધા નેસડાની કેનાલમાં ગાબડા પડતા પાણી ખેતરોમાં ફરી વળ્યું: તંત્રના પાપે ધરતી પુત્રોને ફરી એક વાત લાખોનું નુકશાન થયું**

પાલનપુર તા. ૧૮

બનાસકાંઠા જિલ્લામાં ફરી એકવાર સરહદી વિસ્તારોમાં બે અલગ અલગ જગ્યાએ કેનાલમાં ગાબડા પડયા હોવાની ઘટના સામે આવી છે. વાવના ચતરપુરા પાસે અને રાધાનેસડા પાસે પણ ગાબડા પડતા પાણી આજુબાજુના ખેતરોમાં ફરી વળતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થયું હતું.

બનાસકાંઠા જિલ્લામાં રવી સીઝનની શરૂઆત સાથે જ કેનાલમાં ગાબડું પડવાનો સિલસિલો શરૂ થઈ જાય છે. રવી સીઝનમાં ખેડૂતોને સિંચાઈ માટે કેનાલ મારફતે પાણી છોડતાં કેનાલોમાં વારંવાર ભંગાણ સર્જાઈ રહ્યા છે. આજે વહેલી સવારે વાવ ના ચતરપુરા માઈનોર કેનાલમાં ગાબડું પડ્યું હતું. ત્યારબાદ રાધાનેસડા પાસે પણ ગાબડુ પડતા કેનાલનું પાણી આજુબાજુના ખેતરોમાં ફરી વળ્યું હતું. કેનાલ તૂટતા એરંડા રાયડો અને બાજરીનું વાવેતર કરેલા ખેતરોમાં પાણી ફરી વળતાં ખેડૂતોને મોટું નુકસાન થયું હતું. કેનાલના પાણીનો પ્રવાહ આજુબાજુ જમીનમાં ફરી વળ્યો હતો, વારંવાર કેનાલમાં ગાબડા પડતા અહીંના ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું જેવું સ્થાનિકો દ્વારા જાણવા મળ્યું છે.

## ચગદાઈ જતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલકનો આબાદ બચાવ થયો છે. અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જયારે ટ્રક ડ્રાઈવરને પકડી પાડી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના જગુદણ ગામમાં રહેતા કાંતિભાઈ ફુલાભાઈ સોલંકી (ઉં.૪૮ આશરે) ત્યાંની કૃષિ યુનિવર્સિટીમાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે. કાંતિભાઈના પરિવારમાં પત્ની રમીલાબેન અને બે દિકરા જીમી અને સ્મિત છે. ત્યારે ૧૯ વર્ષિય જીમી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતો હતો. જીમીને આવતી કાલે દોડની પરિક્ષા હોવાથી કાંતિભાઈ, રમીલાબેન અને જીમી પરિચિત નરેશભાઈની રીક્ષા લઈને ગાંધીનગર આવી રહ્યા હતા. ગાંધીનગરમાં સગાના ઘરે તેઓ રાત્રી રોકાણ કરવાના હતા. ત્યારે માતા-પિતા અને જીમી રીક્ષામાં બેસીને આવી રહ્યા હતા તે સમયે રાંધેજા રેલ્વે ફાટક પાસે કાળ બનેલા ટ્રકે રીક્ષાને ટકકર મારી હતી. ટ્રકની ટકકર થી ફંગોળાઈને રીક્ષા બાજુમાં ખાડામાં નીચે ઉતરી ગઈ હતી. ત્યારે ટ્રક પણ રીક્ષાની પાછળ ખાડામાં ઉતરતા રીક્ષા ચગદાઈ ગઈ હતી. રીક્ષાનો ખુડદો બોલાઈ ગયો હતો. ત્યારે રીક્ષામાં સવાર દંપતિની મરણ ચીસોથી વાતાવરણમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. જયારે અકસ્માતને પગલે વાહન ચાલકો અને સ્થાનિક નાગરીકો મદદે દોડી આવ્યા હતા. પોલીસ અને ક્રેઈનની મદદથી ભાહે જહેમત બાદ મૃતકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જયારે ગંભીર હાલતમાં જીમીને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. ત્યારબાદ પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ લઈ ગયા હતા. જયારે અકસ્માતમાં ચમત્કાર થયો હોય તેમ રીક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો. બનાવની જાણ થતા પેથાપુર પોલીસ મથકનો સ્ટાફ પણ તાત્કાલીક દોડી પહોંચીને ટ્રક ડ્રાઈવરને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.